ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
ઝવેરચંદ મેઘાણી ભવન, કૃષિભવનની પાછળ,
સેક્ટર-૧૦-એ,ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports, Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
Jhaverchand Meghani Bhavan, B/h. Krushi Bhavan,
Sector-10-A, Gandhinagar-382010
Phone : 079-23256797 / 98

## ગુજરાત ભાષા–સાહિત્યના નવોદિત લેખકોને સર્જનાત્મક–લલિત સાહિત્યની પ્રથમ કૃતિ પ્રગટ માટે આર્થિક સહાયની યોજનાના નિયમો અને શરતો :-

(૧) આ યોજનાનો ઉદ્દેશ ગુજરાતી ભાષા–સાહિત્યના નવોદિત લેખકોને તેમની પ્રથમ કૃતિ પ્રસિદ્ધ કરવા માટે સહાય કરવાનો છે.

નોંધ– આ યોજનામાં નવોદિત લેખક એટલે જેની કોઇ પણ સાહિત્યકૃતિ કોઇ પણ ભાષામાં અગાઉ પુસ્તક રૂપે પ્રગટ થઇ ન હોય એવા લેખક એમ ગણવાનું છે, એમની લેખક કે સહ લેખક તરીકે કોઇ પણ કૃતિ પ્રગટ થયેલી ન હોવી જોઇએ.

(૨) ગુજરાત સાહિત્યના નીચે જણાવેલા કોઇ પણ સાહિત્ય પ્રકારની મૌલિક કૃતિના પ્રકાશન માટે આ યોજના હેઠળ નવોદિત લેખક સહાયપાત્ર બનશે.

(ક) નવલકથા (ખ) ટૂંકી વાર્તાઓનો સંગ્રહ (ગ) નાટક (એકાંકી, નાટક અને રેડિયો– ટેલિવિઝન માટેનાં નાટકો સહિત)
(ઘ) જીવનચરિત્ર (ચ) સાહિત્યિક નિબંધ (છ) કાવ્યસંગ્રહ

**નોંધ:**–ઉપરના સાહિત્યપ્રકારોમાં અનુવાદનો સમાવેશ થતો નથી. માત્ર મૌલિક કૃતિઓ રજૂ કરી શકાશે.

(૩) કોઇ પણ નવોદિત લેખક નિર્દિષ્ટ સમયની અંદર આ યોજના હેઠળ સહાય મેળવવા માટે અરજી કરી શકશે. ઉપર્યુક્ત અરજી સાથે નીચેની સામગ્રી હોવી જોઇએ.

(ક) જેના પ્રકાશન માટે સહાય માગી હોય તે કૃતિની હસ્તપ્રતની બે **(૨)** નકલ

**નોંધ** :– આવી કૃતિ કાગળની બંને બાજુએ વ્યવસ્થિત ફાઇલ કે પુસ્તકરૂપે મોકલવી જરૂરી છે. કૃતિમાં પહેલા પાને અનુક્રમણિકા આપી નોંધવું જરૂરી છે. હસ્તપ્રત અવ્યવસ્થિત કે સુવાચ્ય નહીં હોય તો હસ્તપ્રત અસ્વીકાર્ય ગણાશે.

(ખ) લેખકનો ટૂંકો જીવનવિષયક પરિચય આપતી નોંધ.
(ગ) જેના સંદર્ભમાં સહાય માગી હોય તે કૃતિનું વર્ણન.
(ઘ) પ્રગટ કરવા વિચારેલી કૃતિ કે તેના અંશ પુસ્તક સ્વરૂપે અગાઉ પ્રગટ થયા નથી એવું એકરારનામું.

(૪) અગાઉના વર્ષમાં અસ્વીકૃત થયેલ કૃતિ પ્રકાશન માટે આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર રહેશે નહિ. બીજી વાર શીર્ષક બદલીને રજૂ કરી શકાશે નહીં.

(૫) પ્રકાશન માટે મંજૂર થયેલ પુસ્તકની ૩૦૦ નકલ છાપવાની રહેશે.

(૬) અકાદમીએ નિયત કર્યા મુજબ પ્રકાશન ખર્ચ માટે ફર્મા દીઠ ક્રાઉન સાઇઝ કાચું પૂઠું રૂ. ૨૦૦૦/– પાકું પૂઠું રૂ. ૨૧૦૦/– અને ડબલ ક્રાઉન સાઇઝ કાચું પૂઠું રૂ. ૨૫૦૦/– પાકું પૂઠું રૂ. ૨૭૦૦/– તેમજ ડેમી સાઇઝ માટે કાચું પૂઠું રૂ. ૨૨૦૦/– પાકા પૂઠા માટે રૂ. ૨૩૦૦/– નક્કી કરેલ છે.

(૭) ઉક્ત ભાવ અનુસાર ગણતરી કરીને બિલની રકમના ૭૫% અથવા અનુક્રમણિકાથી પૃષ્ઠ નં. ૧ થી ૧૧૨ સુધી રૂ. ૨૫,૦૦૦/– અને ૧૧૨થી વધારે પૃષ્ઠ માટે રૂ. ૩૦,૦૦૦/– આર્થિક સહાય તરીકે આપી શકાશે. આમાંથી જે રકમ ઓછી હશે તે રકમ આર્થિક સહાય તરીકે આપી શકાશે. આમાં તમામ પ્રકારના ખર્ચનો સમાવેશ કરેલ છે. પુસ્તકના પાન નંબર અનુક્રમણિકા પછીના મૂળ વિષયવસ્તુના જ ગણવાના રહેશે. પુસ્તકનાં પાનામાં ટાઇટલ, પુસ્તક પરિચય, લેખકનો પરિચય અને અનુક્રમણિકાનો સમાવેશ થતો નથી. પ્રસ્તાવના અને મૂળ વિષયવસ્તુનાં પાનાંને પુસ્તકનાં પાનાં તરીકે ગણવાનાં રહેશે.

(૮) સહાયની કોઇ પણ મંજૂરી નીચેની શરતોને અધીન રહેશે.

(ક) હસ્તપ્રતની પ્રગટ કરેલી પુસ્તકની નકલ ૩૦૦ કરતાં ઓછી હોવી જોઇએ નહીં.
(ખ) હસ્તપ્રત પ્રગટ કરતાં પ્રગટ કૃતિની ૧૫ નકલ વિનામૂલ્યે ગુજરાત સાહિત્ય અકાદમીને આપવાની રહેશે.
(ગ) **'ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ગુજરાત રાજ્યની આર્થિક સહાયથી પ્રકાશિત'** એવા ઋણસ્વીકારની પંક્તિ અકાદમીના લૉગો સાથે મુખપૃષ્ઠની પાછળ સ્પષ્ટ રીતે છાપવાની રહેશે.
(ઘ) પ્રગટ થતી કૃતિમાં કોઇ પણ પ્રકારની જાહેરાત કે કોઇ પ્રકારનો વ્યાપાર વિષયક સંદેશો હોવો જોઇએ નહિ.



gsagandhinagar@gmail.com | www.sahityaacademy.gujarat.gov.in | www.gujaratsahityaacademy.com

ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
ઝવેરચંદ મેઘાણી ભવન, કૃષિભવનની પાછળ,
સેક્ટર-૧૦-એ,ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports, Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
Jhaverchand Meghani Bhavan, B/h. Krushi Bhavan,
Sector-10-A, Gandhinagar-382010
Phone : 079-23256797 / 98

(ચ) આ યોજના હેઠળ સહાય મંજૂર કરવામાં આવી હોય તેવી હસ્તપ્રતમાં ગુજરાત સાહિત્ય અકાદમીની પૂર્વમંજૂરી સિવાય કોઇ સુધારો કરી શકાશે નહિ.

(૯) પુસ્તકમાં જોડણી સરકાર માન્ય સાર્થ ગુજરાતી જોડણીકોશ પ્રમાણે રાખવાની રહેશે.

(૧૦) જે કૃતિના પ્રકાશન માટે સહાય મંજૂર કરવામાં આવી હોય, તેના મંજૂર થયા બાદ ત્રણ (૩) માસમાં પ્રગટ કરવાનું રહેશે. આ મુદત દરમિયાન પુસ્તક પ્રકાશિત નહીં કરનારની સહાય આપોઆપ રદ થયેલી ગણાશે.

(૧૧) અકાદમી તરફથી મળેલી સહાય ગ્રાન્ટની રકમ કોઈ પણ ખાનગી પ્રકાશકને અથવા સંસ્થાને તબદીલ કરી શકાશે નહીં. તથા તે અંગેની આર્થિક સહાય બીજેથી મેળવી શકાશે નહીં.

(૧૨) હિસાબો :
લેખકને આ યોજના હેઠળ સહાય મંજૂર કરવામાં આવી હોય તે પુસ્તકના મુદ્રણ અંગેના હિસાબો તૈયાર કરી અકાદમી સમક્ષ રજૂ કરશે અને એ અકાદમીના નિરીક્ષણને અધીન રહેશે.

(૧૩) આ યોજના હેઠળ લેખકે નાણાકીય વર્ષમાં એક જ હસ્તપ્રત રજૂ કરવાની રહેશે.

(૧૪) આ યોજના અંગેની પદ્ધતિ અને નીતિ–નિયમો મુજબ નિર્ણય કરવાની સત્તા ગુજરાત સાહિત્ય અકાદમીની પોતાની રહેશે.

***



gsagandhinagar@gmail.com | www.sahityaacademy.gujarat.gov.in | www.gujaratsahityaacademy.com